# પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે આક્રોશ

## સાબરકાંઠા - બનાસકાંઠામાં ઠેર ઠેર કોંગ્રેસના વિરોધ પ્રદર્શન

મોડાસા, તા. ૨૪
આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવ નીચા હોવા છતાં પેટ્રોલ-ડીઝલ ઉપર અસહ્ય વેરા કેન્દ્ર સરકારે લાગુ કરી કોરોના અને મહામંદીથી પીડાતા લોકોને રાહત આપવાને બદલે ઉલટું પડ્યા પર પાટુ માર્યુ હોવાનો અહેસાસ થાય છે. જે મુદ્દે લોકોમાં પ્રવર્તતા આક્રોશને વાચા આપવા મોડાસા શ્હેર સહીત જીલ્લામાં ઠેર ઠેર ઉગ્ર વિરોધ નોંધાવ્યા હતો અને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઝિંકાયેલો ભાવ વધારો પરત લેવા અને ભાવમાં રાહત આપવામાં માંગ કરી હતી.

એક તરફ કોરોના વાયરસ સમગ્ર ભારતને બાનમાં લીધું છે તો બીજી તરફ લોકડાઉનમાં સ્થિર રહેલા પેટ્રોલ ડીઝલના ભાવમાં છેલ્લા ૧૮ દિવસથી સતત વધી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની આગેવાનીમાં શહેરના ચાર રસ્તા પર વિરોધ કરવામાં આવ્યો હતો. મોડાસાના ધારાસભ્ય અને કોંગ્રેસના કાર્યકર્તાઓ હાયરે ભાજપ હાય હાયના નારા બોલાવી પેટ્રોલ ડિઝલના ભાવ ઘટાડવા સરકારને વિનંતી કરી હતી. કોરોના વાયરસને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો મુશ્કેલીથી જીવન નિર્વાહ કરી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા પેટ્રોલ ડીઝલના ભાવ પર નિયંત્રણ લાવવામાં આવે તે જરૂરી છે. આ વિરોધમાં મોડાસા શહેર અને તાલુકા કોંગ્રેસના અગ્રણીઓ અને જીલ્લા પંચાયત તાલુકા પંચાયતના સદશ્યો અને કાર્યકરો જોડાયા હતા.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા શહેર કોગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ ડીઝલના ભાવ વધારાને લઈને બેનરો સૂત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો. સમગ્ર રાજયમાં કોગ્રેસ પાર્ટી દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે સખત વિરોધ થઈ રહ્યો છે, ત્યારે પ્રાંતિજ ખાતે પણ પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા જિલ્લા પ્રમુખ મણિભાઈ પટેલની આગેવાની હેઠળ પ્રાંતિજ ખાતે પણ કોગ્રેસ શહેર અને તાલુકા કોગ્રેસ સમિતિ દ્વારા આજે પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે બેનરો સુત્રોચ્ચાર કરી પેટ્રોલ-ડિઝલના વધતા જતા ભાવ વધારા સામે વિરોધ દર્શાવ્યો હતો. આ પ્રસંગે કોગ્રેસના પ્રાંતિજ-તલોદના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ, પ્રાંતિજ નગરપાલિકાના મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, રેખાબેન સોલંકી, નિરૂબેન પટેલ, જિલ્લા સદસ્ય રામસિંહ પરમાર, રાણાભાઈ વકીલ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, નૂતનભાઈ સહિત કોગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સુત્રોચ્ચારો સાથે વધી રહેલા પેટ્રોલ-ડિઝલ ભાવો સામે વિરોધ નોંધાયો હતો.






ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ, ડિઝલ ભાવ વધારો પાછો ખેંચવા આવેદનપત્ર

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન પેટ્રોલ, ડિઝલના સતત વધતા ભાવ સંદર્ભે કોંગ્રેસે વિરોધ નોંધાવી મામલતદાર કચેરીમાં નાયબ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન પ્રજાજનોના ધંધા-રોજગાર અને રોજી-રોટી કમાતા તમામ લોકોની મોટા ભાગે આવક બંધ થઈ ગઈ છે. ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ ધ્વારા પેટ્રોલ,ડિઝલના ભાવ વધારા બાબતે મામલતદાર કચેરીમાં આવેદનપત્ર અપાયું હતું.

### ભિલોડામાં હેર કટીંગ સલુનની દુકાનો ખોલવાનો સમય ઘટાડ્યો

કોરોના વાઈરસની વૈશ્વિક મહામારી દરમ્યાન ૪ લૉકડાઉન પુર્ણ થયા બાદ હાલના તબક્કે અનલૉક-૦૧ કાર્યરત હોઈ ત્યારે દિન-પ્રતિ-દિન કોરોના વાઈરસના કેસો વધતા હેર કટીંગ સલુનની દુકાનોવાળા ચિંતિત છે. મોડાસા અને શામળાજીમાં હેર કટીંગ સલુનવાળાઓએ દુકાનોના કામકાજનો સમય ઘટાડ્યો છે. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન સલામતીના ભાગ રૂપે ભિલોડામાં હેર કટીંગ સલુન એસોસિએશન ધ્વારા ધોલવાણી ખાતે લિંબચિયા સમાજવાડીમાં હેર કટીંગ સલુનની દુકાનો ચલાવતા કારીગરોની બેઠક યોજાઈ હતી.

## અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર ઓછો થવાનું નામ નથી લેતો, વધુ ચાર કેસ

મોડાસા, તા. ૨૪
અરવલ્લી જિલ્લામાં ઓછા કેસ કેમ કરવા તે માટે જાણે કે નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યું હોય તેમ પરીક્ષણો કરવામાં આવતા નહિ હોવાની ચર્ચામાં જોર પકડાઈ હોવાની વચ્ચે આજે ચાર કેસ નવા નોંધાતા જિલ્લાની જનતા ભયભીત બની ભગવાન ભરોસે જીવન જીવી રહી છે. અરવલ્લીમાં વધુ ૪ કોરોના કેસ નોંધાયા, મોડાસાના નિત્ય દર્શન ફ્લેટના ૩૭ વર્ષીય યુવાનને કોરોના, મોડાસાની બુલા ફળીના ૫૫ વર્ષીય મહિલા કોરોનાગ્રસ્ત બન્યા હતા.

મોડાસાના કોઠારી વાળાના ૬૩ વર્ષીય પુરુષને કોરોના પોઝિટિવ આવ્યો છે. મોડાસાના બાંડીવાળાના ૬૫ વર્ષીય મહિલાને કોરોના આમ અરવલ્લીમાં છેલ્લા બે દિવસના રાહત બાદ કોરોનાનો કહેર યથાવત. અરવલ્લીમાં કુલ કોરોનાના ૨૦૩ કોરોના કેસ નોંધાયા છે લોકલ સંક્રમણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. તંત્ર હાફી ગયું હોય તેમ લાગી રહ્યું છે. લોકો કોરોનાના ડર વચ્ચે ભાંગી પડી છે. ત્યાં સરકારે પડતા પર પાટું જેવા હાલ થયો છે. મહામંદીમાં પેટ્રોલ ડીઝલના ભાવ છેલ્લા લગાતાર આઠ દિવસોથી વધતા બેકાર બનેલા લોકોને મોંઘવારીનો માર સહન કરવો કે કોરોનાથી બચવું તેની મુંઝવણ સતાવી રહી છે હાલ પ્રજા ભગવાન ભરોસે જીવી રહી છે.

## તલોદમાં ૧.૯૦ લાખની બેગ લીફટીંગના પાંચ શખ્સો પકડાયા

### એલસીબીએ ૩.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો : પકડાયેલા શખ્સો અન્ય છ ગુનામાં સંડોવાયા હોવાનુ અનુમાન

હિંમતનગર, તા. ૨૪
સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી અને લૂંટની ઘટનાઓને અંજામ આપવા માટે એક ચોક્કસ ટુકડીએ પોલીસની ઉંઘ હરામ કરી દીધી છે ત્યારે બાતમીને આધારે સાબરકાંઠા એલસીબીએ ચોરીના છ તથા તલોદમાં અંદાજે રૂ. ૧.૯૦ લાખની બેગ લીફટીંગમાં સંડોવાયેલી ગેંગને ઝડપી લઈ તેમની પાસેથી અંદાજે રૂ. ૩.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો છે.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ થોડાક સમય અગાઉ તલોદના મજરાથી ટીઆર ચોકડી જતા રોડ પરથી પસાર થઈ રહેલ બાઈક સવારોએ રૂ. ૧.૯૦ લાખની રોકડ રકમ ભરેલી થેલાની લૂંટ કરીને ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ ગત તા. ૧૮ જુનના રોજ તલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ત્યારબાદ આ લૂંટના ગુનાનો ભેદ ઉકેલવા માટે સાબરકાંઠા એલસીબીને જવાબદારી સોંપાઈ હતી. જેથી એલસીબીના સ્ટાફે લૂંટનું પગેરૂ શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

દરમિયાન એલસીબીને બાતમીને આધારે લૂંટના ગુનામાં સંડોવાયેલા શખ્સોના સગડ મળ્યા હતા અને સીસીટીવી ફુટેજ તપાસતા લૂંટનો ભેદ ઉકેલવા માટે આ બંને કડીઓ ખુબજ ઉપયોગી સાબિત થઈ હતી. જે આધારે એલસીબીના સ્ટાફે બે દિવસ અગાઉ પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામના તળાવની ફરતે વોચ ગોઠવી હતી. જોકે એ સમયે લૂંટમાં સંડોવાયેલા તથા ચેન સ્નેચીંગના ગુનામાં અગાઉ પકડાયેલ અમીનપુર ગામનો ભાથીજી ઉર્ફે અજીત ઉર્ફે માયા બાપુજી મકવાણા મુખ્ય હોવાનું જણાયુ હતુ. જેથી તેજ દિવસે લૂંટના માલના ભાગ પાડવા માટે હિંમતનગર તાલુકાના સવગઢ ગામના આદિલમહમદ ઈલીયાસ શેખ, કીફાયતનગરના નુરકોલોની બિરમીલ્લા પાર્ક સોસાયટીમાં રહેતો અલ્તાફ ઉર્ફે અલ્તુડી ઈન્દ્રીસભાઈ મેમણ, પ્રાંતિજ તાલુકાના અનવરપુરા ગામના નવલ ધર્મેન્દ્રસિંહ મકવાણા તથા તેજ ગામના રોહીતજી જસવંતજી મકવાણા હાજર હતા. જેથી પોલીસે આ પાંચેય જણાને દબોચી લઈ તેમની પાસેથી હિસાબની બે બુક તથા અંદાજે રૂ. ૧,૫૪,૫૦૦ તથા હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ રામજી મંદિર પાસેથી અગાઉ ચોરી કરેલ બાઈક નં. જીજે.૦૯.બીએફ. ૦૨૫૦ને પણ પકડી લીધુ હતુ.

ઉલ્લેખનીય છે કે તલોદ ખાતે બેગની લૂંટમાં આ બાઈક વપરાયુ હતુ તેથી પોલીસે રૂ. ૯૫ હજારનુ બાઈક પણ કબ્જે લીધુ હતુ. ઉપરાંત રેકી માટે વપરાયેલા ટીવીએસ કંપનીના વાહન નં. જીજે.૧૮.સીઈ.૩૯૨૪ અને પાંચ મોબાઈલ મળી અંદાજે રૂ. ૩.૪૫ લાખના મુદ્દામાલ સાથે પાંચેય જણાની અટકાયત કરાઈ હતી. જેમણે અગાઉ ઈડરના ભાણપુર પાટીયા પાસેથી સોનાના દોરાની લૂંટ તથા અન્ય વાહન ચોરીના છ ગુનાનો ભેદ ઉકેલીને સફળતા મેળવી છે.

## પ્રાંતિજ એસટી ડેપો ખાતે ધારાસભ્ય દ્વારા થર્મલ સ્કેનીંગ ગન અપાઈ

પ્રાંતિજ, તા. ૨૪
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એસટીડેપો ખાતે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા દસ થર્મલ સ્કેનીંગ ગન આપવામા આવી હતી. શહિદ થયેલ સૈનિકોને શ્રધ્ધાંજલી આપી એસટીડેપોમા આયોર્વેદિક વૃક્ષોનુ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.


પ્રાંતિજ ખાતે આવેલ એસટીડેપો ખાતે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા એસટી ડેપોમા ડ્રાઈવર અને કંડકટરની સલામતી સાથે બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોની સલામતી માટે પ્રાંતિજ એસટી ડેપો ખાતે દસ થર્મલ સ્કેનીંગ ગન આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ કોઈએ દેશ માટે શહિદ થયેલ સૈનિકોને શ્રધ્ધાંજલી આપી હતી. એસટી ડેપો ખાતે આયુવેદિક વૃક્ષોનુ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, નગરપાલિકા પ્રમુખ ગજેન્દ્રસિંહ પરમાર, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકાના કોર્પોરેટરો, ડેપો મેનેજર, એસટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### આરટીઓ સર્કલ પાસે વાહન અકસ્માત એકનું મોત

હિંમતનગર, તા. ૨૪
હિંમતનગરના આરટીઓ સર્કલ પાસે ત્રણ દિવસ અગાઉ ઈકો કાર અને રીક્ષા વચ્ચે થયેલા અકસ્માતમાં રીક્ષાચાલકનું ગંભીર ઈજાને કારણે સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ખેડાવાડા ગામના સિદ્ધરાજસિંહ કનકસિંહ ઝાલા રહે. ખેડાવાડાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ હતુ કે ગત તા. ૭ જુના રોજ આરટીઓ સર્કલ પાસેથી પસાર થઈ રહેલ ઈકો કાર નં. જીજે.૧૬.બીજી.૪૧૯૪ના ચાલકે કારને ગફલતભરી રીતે હંકારી રીક્ષા નં. જીજે.૧૮.એવાય-૦૬૫૬ને પાછળથી ટક્કર મારતા રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી જેના લીધે રીક્ષાના ચાલક શુકલસિંહ મખુસિંહ ઝાલાને છાતીમાં તથા કમરના ભાગે ગંભીર ઈજા થઈ હતી. આ ઉપરાંત અંદર બેઠેલા બે થી વધુ લોકોને રીક્ષા પલ્ટી ખાઈ જવાના કારણે ઈજા થઈ હતી. ત્યારબાદ શુકલસિંહ ઝાલાને સારવાર માટે ખસેડાયા હતા.



આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતુ. ચીનની વસ્તુઓનો વિરોધ કરી માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતુ. અમદાવાદ ખાતે છેલ્લા ૧૪૩ વર્ષથી નિકળતી ભગવાન જગન્નાથની રથયાત્રાની પરંપરા તોડી ભગવાન જગન્નાથ મંદિર અને ભગવાનને ઘેરો ગાલવાના સરકારના વ્યવહારના વિરોધમા આજે પ્રાંતિજ ખાતે આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદના કાર્યકરો દ્વારા પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે જઈને પ્રાંતિજ નાયબ મામલતદાર અશોકભાઈ પટેલને આવેદનપત્ર પાઠવ્યું હતું અને ઉપર સુધી રજુઆતો કરવા માંગ કરી હતી. ચીનની ચીજવસ્તુઓનો વિરોધ કરવામાં આવ્યો હતો. પ્રાંતિજવાસીઓને પણ જણાવ્યું હતું તો વેપારીઓને પણ ચીનની વસ્તુઓનુ વેચાણ ના કરવા જણાવ્યું હતું. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે માસ્કનું વિતરણ કરવામા આવ્યુ હતું. આ પ્રસંગે મહંત સુનીલદાસજી મહારાજ, સરદારસિંહ મકવાણા, અલ્પેશભાઈ રાવલ, મેહુલભાઈ પટેલ, કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા અરવલ્લી કલેકટરને આવેદનપત્ર

એકસો તેતાલીસ વરસની પરંપરાને તોડીને જગતના નાથ જગન્નાથની યાત્રા પર રોક લગાવીને અને તેમાંય મંદિરના ફરતે પોલીસના ધાડેધાડા ઉતારી ભગવાનને બંધક બનાવી ભક્તોને દર્શનનો પણ સમય નહીં આપી સરકારે છ કરોડ ગુજરાતીઓ અને શ્રધ્ધાળુઓની શ્રધ્ધા પર જબરદસ્ત લપડાક મારી છે તેમજ દર્શન કરવા ગયેલા એક હોદ્દેદારની ધરપકડ કરી સરકારે ભક્તો અને છ કરોડ જનતાનું અપમાન કરતા જવાબદારો સામે પગલાં ભરવા આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અરવલ્લી જિલ્લાના સંઘઠન દ્વારા મોડાસા મામલતદાર અને અરવલ્લી કલેકટરને આવેદનપત્ર પત્ર આપવામાં આવ્યું હતું. જિલ્લા પ્રમુખ રામભાઈ પટેલ કનુભાઈ પટેલ મંત્રી હિતેશભાઈ જોષી વગેરેએ હાજર રહી આવેદનપત્ર આપ્યું હતું.



## પ્રાંતિજ ખાતે ધારાસભ્ય દ્વારા મદદ કાર્યાલયનો શુભારંભ કરાયો

### દર બુધવારે સવારે નવથી સાંજના પાંચ વાગ્યા સુધી પ્રાંતિજ ખાતે આવેલ આંબેડકર કોમ્પલેક્ષ ખાતે મદદ કાર્યાલય

પ્રાંતિજ, તા. ૨૪
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા મદદ કાર્યાલયનો પ્રાંતિજ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિરના મહંત પ્રાણજીવન દાસજી દ્વારા આશીર્વચન આપી શુભારંભ કરાવ્યો હતો.

પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા પોતાના વિસ્તારના લોકોના વચ્ચે રહીને અને તેવોના કામ અને પ્રશ્નોના ઝડપથી નિકાલ થાય તે હેતુથી રૂબરૂ મુલાકાત થાય તે માટે દર બુધવારે સવારે નવથી સાંજના પાંચ વાગ્યા સુધી પ્રાંતિજ ખાતે આવેલ આંબેડકર કોમ્પલેક્ષ ખાતે મદદ કાર્યાલયનો આજે શુભારંભ કરવામાં આવ્યો હતો. કાર્યાલય ખાતે ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું તો પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિરના મહંત પ્રાણજીવનદાસજી ઉપસ્થિત રહીને શુભારંભ કરાવીને આર્શીવચન આપ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, ભાજપ શહેર પ્રમુખ નિત્યાદનભાઈ બ્રહ્મભટ્ટ, તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ, માર્કેટયાર્ડના પ્રમુખ રાજુભાઈ પટેલ, ભાજપ આગેવાનો કાર્યકરો, નગરપાલિકાના કોર્પોર્ટરો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

